# સંતરામ ભક્ત સમાજ દ્વારા ન્યુ જર્સીમાં દિવાળી સત્સંગ

**ન્યૂ જર્સી:** શ્રી સંતરામ ભક્ત સમાજ-યુએસએ દ્વારા દિવાળી સંતરામ સત્સંગની ભક્તિભાવપૂર્ણ ઉજવણી કરાઇ હતી. એસેક્સ કોલેજના હોલમાં ધૂમધામથી યોજાયેલા આ કાર્યક્રમના પ્રારંભે નડિયાદનાં સુવિખ્યાત શ્રી સંતરામ મંદિરના મહંત પૂ. રામદાસજી મહારાજે ટેલિફોન દ્વારા શુભાશિષ આપ્યા હતા.

જનસેવા એ જ પ્રભુ સેવાના મંત્રને વરેલા સંતરામ મંદિરના ભક્તો દ્વારા અમેરિકામાં દિવાળી નિમિત્તે મફત ફલુ પ્રતિકારક રસી તથા મફત નેત્ર ચકાસણીનું આયોજન થયું હતું.

બીજી નવેમ્બરે એડિસનમાં ડો. ઇન્દ્રવદન ટી. પટેલની ઓફિસમાં મફત ફલુ પ્રતિકારક રસી શિયાળાની ઋતુ શરૂ થતાં પહેલા આપવા ૪૦૦ વ્યક્તિ માટે વ્યવસ્થા કરાઇ હતી.